Media: The Economic Times (Gujarati Edition)
Date: 30 Jan 2015

# આઈનોક્સ ગુજરાતમાં 54 mwનો વિન્ડફાર્મ સ્થાપશે

## ટાટા પાવરે ગુજરાતનો પ્રોજેક્ટ ફાળવ્યો: રાજસ્થાનમાં પણ 118 mwનો પ્લાન્ટ સ્થાપશે

**પીટીઆઇ**
**મુંબઇ**

ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડની પેટાકંપની આઇનોક્સ વિન્ડ લિમિટેડ (IWL)ને ટાટા પાવર કંપની લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ટાટા પાવર રિન્યુએબલ એનર્જી લિમિટેડ (TPREL) તરફથી ગુજરાતમાં ૫૪ મેગાવોટ અને રાજસ્થાનમાં ૧૧૮ મેગાવોટના વિન્ડ-ફાર્મ પ્રોજેક્ટ મળ્યા છે.

કંપનીની યાદીમાં જણાવાયું હતું કે, આઇડબ્લ્યુએલ અને ટીપીઆરઇએલે સમજૂતીઓ કરી છે, જેના અંતર્ગત IWLએ ગુજરાત અને રાજસ્થાનમાં તેનાં બે મેગાવોટનાં વિન્ડ ટર્બાઇન જનરેટર્સના ૮૬ યુનિટ્સ સપ્લાય અને કાર્યાન્વિત કરવાના રહેશે. ગુજરાતના ભાવનગર જિલ્લાના રોજમાલ ગામ પાસે આવેલો પ્રોજેક્ટ જૂન ૨૦૧૫ સુધીમાં પૂરો કરવાનો રહેશે જ્યારે રાજસ્થાનમાં જેસલમેર જિલ્લાના ડાંગરી ગામ પાસેનો પ્રોજેક્ટ માર્ચ ૨૦૧૬ સુધીમાં બે તબક્કામાં પૂરો કરવાનો રહેશે. આઇડબ્લ્યુએલની જવાબદારી સાઇટ સંપાદન, પ્રોજેક્ટ ડેવલપમેન્ટ, ઇરેક્શન અને કમિશનિંગની તથા વિન્ડ પાવર પ્રોજેક્ટ્સને લાંબા ગાળા સુધી ઓપરેટ અને મેન્ટેન કરવાની રહેશે.

આઇનોક્સ વિન્ડના સીઇઓ કૈલાશ તારાચંદાનીએ જણાવ્યું હતું કે, "આ સોદો વિન્ડ એનર્જી માટે ભારતની ક્ષમતા અને આ ક્ષેત્રમાં આઇનોક્સની વધતી જતી હાજરી પ્રદર્શિત કરે છે. વિન્ડ એનર્જી વેલ્યૂ ચેઇનમાં અમારી સર્વગ્રાહી ક્ષમતા અને એન્ડ-ટુ-એન્ડ સોલ્યુશન્સ પૂરાં પાડવાના અમારા પ્રયાસ દ્વારા અમે ટાટા પાવરને દેશમાં તેમના વિન્ડ એનર્જી પોર્ટફોલિયોની વૃદ્ધિમાં મદદ કરીશું. અમારી ટેક્નોલોજીમાં ટાટા પાવરે બતાવેલા વિશ્વાસની અમે કદર કરીએ છીએ અને ટકાઉ સંબંધો માટે આશાવાદી છીએ." આઇનોક્સ-ટાટા પાવર વચ્ચે સમજૂતી એવા સમયે થઈ છે જ્યારે દેશમાં કેટલાંક રાજ્યો વીજળીની તીવ્ર અછત સહન કરી રહ્યાં છે. આ સમજૂતી દર્શાવે છે કે ઊર્જાનો ભરોસાપાત્ર અને સ્વચ્છ વિકલ્પ આપીને વિન્ડ એનર્જી કઈ રીતે આ ક્ષેત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. TPRELના સીઇઓ રાહુલ શાહે જણાવ્યું હતું કે, "પારંપરિક વીજ ક્ષેત્ર અભિભૂત ઈંધણની તીવ્ર અછતનો સામનો કરી રહ્યું છે ત્યારે ઊર્જા સલામતીને સુનિશ્ચિત બનાવવામાં ઊર્જાના પુનઃપ્રાપ્ય સ્રોતનું મહત્ત્વ વધી ગયું છે. અમે માનીએ છીએ કે ભારતના પવન ઊર્જા સંસાધનો વણખેડાયેલાં છે અને માગ-પુરવઠા વચ્ચેનો અવકાશ પૂરવાની પૂરી ક્ષમતા ધરાવે છે. આ પ્રોજેક્ટ્સ દર વર્ષે 150-200 મેગાવોટ ઉમેરવાની અમારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે અને અક્ષય ઊર્જા અંગે સરકારની રૂપરેખાને જોતાં અમને આ સેક્ટરમાં સાતત્યપૂર્ણ વૃદ્ધિનો વિશ્વાસ છે."